અનુસૂચિત જાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન આપવા બાબત

---

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : એસપીએચ/૧૦૯૭/મું. ૩૧૫/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. : ૯ - ૩ - ૧૯૯૯

ઠ રા વ :-

અનુસૂચિત જાતિના લોકોની નબળી આર્થિક અને સામાજિક પરિસ્થિતિના કારણે અનુસૂચિત જાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જઇ શકતા નથી. આથી વિદેશ અભ્યાસ ઇચ્છુક અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન આપવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. રાજ્ય સરકારે આ બાબતમાં પુખ્ત વિચારણા બાદ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે નીચે જણાવ્યા પ્રમાણેની લોનની યોજના અમલમાં મુકવાનું ઠરાવેલ છે.

(૧) અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓએ જે તે વિદ્યાશાખામાં વિશેષ યોગ્યતા મેળવેલ હોય કે અદ્વિતિય ઉપલબ્ધિ પ્રાપ્ત કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને /અરજદારોને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ માટે પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષા, પી. એચ. ડી. તેમજ ઉચ્ચ કક્ષાના સંશોધન અને કોમ્પ્યુટર ક્ષેત્રના અભ્યાસક્રમો માટે લોન આપવામાં આવશે.

(૨) મૂળ ગુજરાત રાજ્યના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવશે. આ યોજનાનો લાભ અનુસૂચિત જાતિના એક કુટુંબના એક સંતાનને મળવાપાત્ર થશે. આ યોજનામાં કુટુંબની આવકમર્યાદા ધ્યાને લેવામાં આવશે નહીં.

(૩) દર વર્ષે અનુસૂચિત જાતિના પાંચ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવશે.

(૪) આ યોજના હેઠળ ગુજરાત રાજ્યમાં કે ભારતમાં જે અભ્યાસક્રમો કે પદવીઓ માટેની સવલત ઉપલબ્ધ ન હોય તેવા અભ્યાસક્રમો કે પદવીઓ માટેજ સહાય આપવાની રહેશે.

(૫) આ યોજનામાં વિદેશમાં અભ્યાસ માટે ખરેખર થવાપાત્ર/થયેલ ખર્ચ અથવા રૂ. ૫.૦૦ લાખ એ બેમાંથી જે ઓછી હોય તેટલી રકમની લોન વાર્ષિક ૪ ટકા વ્યાજના દરે આપવામાં આવશે.

...૨

(૬) લોનની વસુલાત વિદ્યાર્થીઓનો અભ્યાસ પૂરો થાય પછી છ માસ પછીથી શરુ કરવામાં આવશે. લોનની વસૂલાત લાભાર્થીની અનુકૂળતા મુજબ માસિક/ત્રિમાસિક હપ્તામાં વસૂલ કરવામાં આવશે, પરંતુ લોનની સંપુર્ણ વસુલાત ૧૦ વર્ષમાં પુરી કરવાની રહેશે. મૂળ રકમ ભરપાઇ થયા બાદ વ્યાજ પણ તે પ્રમાણે વસૂલ કરવાનું રહેશે. નિયમિત લોન/વ્યાજના હપ્તા ન ભરનાર પાસેથી લોનની એકસામટી રકમ તે પરના વ્યાજની રકમ સહિત જમીન મહેસુલની બાકી તરીકે વસૂલ કરવામાં આવશે.

(૭) લાભાર્થીએ બે સધ્ધર જામીનો રજુ કરવાના રહેશે.

(૮) વિદેશમાં જતાં પહેલાં અરજદારે પાસપોર્ટ, સ્ટુડન્ટ વીસા, વિદેશમાંની માન્ય યુનિવર્સિટીમાં પ્રવેશ મળ્યા અંગેનો પત્ર વગેરે આધાર રજુ કરવાના રહેશે.

(૯) આ યોજના હેઠળ લોન મેળવનાર લાભાર્થીએ અભ્યાસક્રમ પૂર્ણ કર્યાબાદ ભારતમાં તેમની સેવાઓ ઓછામાં ઓછી પાંચ વર્ષ માટે આપવાની રહેશે. જો લાભાર્થી પરદેશમાં સ્થાયી થશે તો આવી લોનની રકમ વ્યાજ સાથે એકસામટી રાજ્યસરકારને પરત કરવાની રહેશે. આમાં કોઇ છૂટછાટ આપવામાં આવશે નહીં. જો લાભાર્થી આવી રકમ ભરવામાં નિષ્ફળ જાય તો તે રકમ તેના જામીનદારો પાસેથી સરખાભાગે વસૂલ કરવામાં આવશે અને જો જામીનદારો આ રકમ ભરવામાં નિષ્ફળ જાય તો તેમની પાસેથી તે રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવામાં આવશે.

(૧૦) આવા અભ્યાસક્રમમાં દાખલ થવા ઇચ્છતા ઉમેદવારના કોઇ સગાસબંધી વિદેશમાં રહેતા હોય તો તાલીમાર્થીને તેઓ દવારા નાણાંકિય જ્વાબદારી માટે પુરસ્કૃત કરેલા હોવા જોઇએ નહી.

(૧૧) લાભાર્થીએ આ યોજના હેઠળ લોનની રકમ રીઝર્વબેન્ક ઓફ ઇન્ડીયા દવારા નિયત થયેલ વિનિમયના દરે ચુકવવામાં આવશે અને રીઝર્વબેન્કની નિયમ અનુસારની મંજુરી લેવાની રહેશે.

(૧૨) લાભાર્થીએ તેને લોનનાં નાણાં મળ્યાની તારીખથી એક મહીનાની અંદર અભ્યાસક્રમ શરુ કરવાનો રહેશે. વળી, લાભાર્થીએ તેના અભ્યાસક્રમની પ્રગતિનો ત્રિમાસિક અહેવાલ સબંધિત શૈક્ષણિક સંસ્થામાંથી મેળવીને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને નિયમિત રજુ કરવાનો રહેશે.

૨. આ યોજના હેઠળ ઉમેદવારની અરજી મેળવી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી જરુરી સંપુર્ણ ચકાસણી કરી મંજૂરી આપવાની રહેશે અને અરજદાર પાસેથી યોગ્ય સ્વરૂપમાં એગ્રીમેન્ટ લેવામાં આવે તેમજ તમામ શરતોનું પાલન થાય તે જોવાની જ્વાબદારી નિયામકશ્રીની રહેશે.

આ યોજના માટે વર્ષ ૧૯૯૮-૯૯ના અંદાજપત્રમાં વિભાગ-૧ની નવી બાબત તરીકે કરેલી રૂ.૧૫.૦૦ લાખની જોગવાઇનો ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર ૬૨૨૫- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ-૦૧ અનુસૂચિતજાતિનું કલ્યાણ-૨૭૭ શિક્ષણ-બીસીકે- ૯(૧) વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન હેઠળ ઉધારવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાંવિભાગની તા.૧૧-૨-૧૯૯૯ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ. એચ. દરજી)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

મા. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
મા..મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
મા. સમાજકલ્યાણ મંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
અધિક મુખ્યસચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી
સર્વે જિલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રી (પંચાયત)
નાણાકિય સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સર્વે શાખાઓ(ગ શાખા સિવાય)
પસંદગી ફાઇલ